ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,

તારીખ -૦૮/૦૯/૨૦૨૨

## જાહેરનામુ.

No.GTH/52/2022/JJA/10/2017/769493(Part-3)/CHH- રાજ્યમાં ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ના અમલીકરણ માટે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોના ન્યાયિક નિર્ણય માટે ઉક્ત એક્ટની કલમ-૨૭(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં બાળ કલ્યાણ સમિતિની રચના કરવાની જોગવાઇ છે. આ સમિતિમાં એક ચેરપર્સન તથા ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. એક્ટની કલમ-૨૭(૬) મુજબ બાળ કલ્યાણ સમિતિની મુદત આ સમિતિની નિમણૂંક થયાથી ત્રણ વર્ષ સુધીની હોય છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૨૬/૦૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જજઅ/૧૦/૨૦૧૭/ ૭૬૯૪૯૩/છ થી નવસારી, મહેસાણા, દાહોદ, મહિસાગર, રાજકોટ, પંચમહાલ, સુરેન્દ્રનગર એમ કુલ-૭ જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ. તા.૨૪/૦૩/૨૦૨૨ના જાહેરનામાથી ઉક્ત સાત જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંકની મુદ્દત ૬ માસ અથવા નવી નિમણૂંક ન થાય ત્યા સુધી વધારવામાં આવેલ હતી, જેની મુદત તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે.

હાલમાં ઉક્ત જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંકની પ્રકિયા ચાલુ હોઇ, બાળકોના શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં લઈ ઉક્ત ૭(સાત) જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં રાજ્ય સરકાર દ્વારા તા.૨૬/૦૨/૨૦૧૯ના જાહેરનામાથી નિમણૂંક પામેલા હાલના ચેરપર્સન અને સભ્યોની મુદત આ સમિતિઓમાં નવી નિમણૂંક ન થાય ત્યા સુધી લંબાવવાનો આથી નિર્ણય કરવામાં આવે છે. આ સમિતિ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપની વિશ્વાસુ

( દ્રષ્ટિ શાહ )

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાતહાઇકોર્ટ, સોલા, અમદાવાદ

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાતરાજ્ય, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. કાઇમ અને રેલ્વે, ગુજરાત રાજય, ગાંધીનગર.

- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.

- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.

- કમિશ્નરશ્રી, દિવ્યાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૨ના ભોયતળીયે, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોકનં.૧૯/૩, ડો.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.

- સંબંધિત તમામ જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિઓના ચેરપર્સન/સભ્યો.(મારફતઃમુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.

- સિલેકટ ફાઇલ